## રેલવે મુસાફરો માટે ઉધનાથી સંતરાગાછી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા ઉધનાથી પશ્ચિમ બંગાળના સંતરાગાછી વચ્ચે વિશેષ ભાડા સાથે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેન કુલ 6 ફેરા મારશે, જેનાથી સુરત અને આસપાસના વિસ્તારોમાં રહેતા પરપ્રાંતિય મુસાફરોને મોટી રાહત મળશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, ટ્રેન સંખ્યા 09073 ઉધના - સંતરાગાછી સ્પેશિયલ દર શુક્રવાર અને બુધવારે ઉધનાથી સવારે 11:25 કલાકે ઉપડશે અને બીજા દિવસે રાત્રે 21:00 કલાકે સંતરાગાછી પહોંચશે. આ ટ્રેન આગામી 17, 22 અને 24 એપ્રિલ, 2026 ના રોજ કાર્યરત રહેશે. સામા પક્ષે, ટ્રેન સંખ્યા 09074 સંતરાગાછી - ઉધના સ્પેશિયલ દર રવિવાર અને શુક્રવારે સંતરાગાછીથી મધરાતે 00:05 કલાકે ઉપડીને બીજા દિવસે સવારે 10:00 કલાકે ઉધના પરત ફરશે. આ ટ્રેન 19, 24 અને 26 એપ્રિલ ના રોજ દોડશે.15 એપ્રિલથી બુકિંગ શરૂ થશે.

# ડમ્પરે ત્રણને કચડી નાંખ્યા

**કોસંબા** જકાતનાકા પાસે અકસ્માત બાદ લોકોએ હંગામો મચાવી રોડ બ્લોક કરી દેતાં પોલીસ દોડતી થઈ

હથોડાઃ કોસંબા જકાતનાકા પાસે હાઈવેથી હસોટને જોડતા મુખ્ય રોડ પર આજે મોડી સાંજે બેકાબૂ બનેલા ડમ્પરના ચાલકે વીજ થાંભલા સાથે ડમ્પર અથડાવી બે બાઈકના અડફેટમાં લીધા બાદ નજીકમાં કામ કરેલા મજૂરને અડફેટે લેતાં અકસ્માતમાં ત્રણનાં મોત થયા હતા. બનાવને પગલે લોકો રોડ ઉપર ઉતરી આવી હંગામા મચાવતા અને રોડ બ્લોક કરી દેતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી.

ઘટનાની વિગત એવી છે કે કોસંબા જકાતનાકા નજીકના હાસોટને જોડતા મુખ્ય માર્ગ પરથી પસાર થતાં જીજે 19x 8132 નંબરના ડમ્પર ઈલેક્ટ્રીક થાંભલા સાથે અથડાયા બાદ બે બાઈકને અડફેટે લીધી હતી અને નજીકના બાંધકામના સ્થળે મોટો કપચીના ઢગલા પર ડમ્પર ચડી ગયો હતો જ્યાં કામ કરી રહેલા મજૂર ભોગ બન્યો હતો. મોટરસાઈકલને અડફેટમાં લેતાં પિતાના- પુત્રીનું મોત થયું હતું. એક મહિલાને ગંભીર ઈજા થતાં કોસંબાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. વધુમાં એક બાઈકચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જાતા મોટી માત્રામાં લોકોએ રોડ ઉપર ઉતરી આવી આક્રોશ ઠાલવ્યો હતો. આ માર્ગ પર રાત દિવસ ઓવરલોડ ભરેલા મોટા વાહનો પસાર થાય છે. જીવલેણ અકસ્માત રોકવા માટે વારંવાર માંગણી કરવા છતાં આ માર્ગ પર એક પણ બમ્પ મૂકવામાં આવ્યો નથી. જેના કારણે વારંવાર અકસ્માત સર્જાઈ રહ્યા છે. આજે વધુ એક અકસ્માત સર્જાતા અને ત્રણ નિર્દોષ મોતના ખપ્પરમાં હોમાતા સ્થાનિક લોકો મોટી માત્રામાં રોડ ઉપર ઉતરી આવી ભારે હંગામો મચાવીને રોડ પણ બ્લોક કરી દેતા સ્થાનિક પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું.



### બમ્પર મુકવાની રજૂઆત છતાં તંત્રની નિષ્ક્રિયતા: સરપંચનો આક્રોશ

કોસંબા ગામના સરપંચ યાસ્મીન ફેસલ દાઉદજી એ આક્રોશ સાથે જણાવ્યું હતું કે આ માર્ગ પર અકસ્માત ટાળવા માટે બમ્પ મૂકવા અંગે તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવી છે છતાં પણ તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતું નથી અને વાહન ચાલકો દારૂ ઢીંચીને બેફામ ઓવરલોડ વાહનો ચલાવતા આજે વધુ એક અકસ્માતમાં ત્રણ યુવાનના મોત થવા પામ્યા છે.

### અકસ્માતમાં મરણજનાર

૧. ઐયુબ ઇસ્માઈલ શાહ (ઉ.વ.42, રહે., પોલટી ફાર્મ, કોસંબા)
2. અલફિયા ઐયુબ શાહ (ઉ.વ.14, રહે., પોલટી ફાર્મ, કોસંબા)
3. એક શ્રમજીવી યુવાન નામ જાણવા મળેલ નથી.

# સુરત જિ.પં. કોસંબા બેઠકના કોંગ્રેસના મહિલા ઉમેદવાર ગુમ

**પોલીસ** જ બે દિવસથી દબાણ કરતી હોવાની પોલીસમાં કોંગ્રેસની ફરિયાદ

**પોલીસે** મોડી સાંજે સમગ્ર વિસ્તારના સીસીટીવી કેમેરાની ચકાસણી શરૂ કરી



હથોડાઃ સુરત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોસંબા સીટ પર ફોર્મ ભરનાર કોંગ્રેસી મહિલા ઉમેદવાર પતિ સાથે ઘરેથી નીકળ્યા બાદ અચાનક ગુમ થઈ જતાં અને પાર્ટીના સંપર્કમાં નહીં રહેતા આખરે મોડી સાંજે માંગરોળ તાલુકા કોંગ્રેસના પ્રમુખના લેટરપેડ પર કોસંબા પોલીસમાં કોંગ્રેસી ઉમેદવારને કોઈ ઉઠાવી ગયાની તેમજ ખુદ પોલીસ તંત્ર દ્વારા બે દિવસથી મહિલા ઉમેદવારના ઘરે જઈ ફોર્મ પરત ખેંચી લેવા દબાણ કરાતું હોવાનું આક્ષેપ લેખિત ફરિયાદમાં કરતાં વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

માંગરોળ તાલુકાના કોંગ્રેસી પ્રમુખ વિરેન્દ્રસિંહ બળવંતસિંહ ખેરે પોતાના લેટરપેડ પર પોલીસમાં કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું છે કે કોંગ્રેસ જિલ્લા પંચાયત કોસંબા સીટના મહિલા ઉમેદવાર સુશીલાબેન સુરેશભાઈને બળજબરીથી પોતાના ઘરેથી સવારથી ઉઠાવી ગયા છે.

વધુમાં જણાવ્યું છે કે આજથી બે દિવસ અગાઉથી મહિલા ઉમેદવાર ઉપર ખુદ પોલીસનું દબાણ હતું એવો મહિલા ઉમેદવાર સુશીલાબેને યાસ્મીનબેનને જણાવ્યું હતું. આથી મહિલા ઉમેદવાર સુશીલાબેન પર દબાણ ઊભું કરવામાં આવી રહ્યું હતું અને આજે સવારથી મહિલા ઉમેદવાર સુશીલાબેન તેમજ તેમના પતિ સુરેશભાઇ બંને જણા ઘરેથી કોઈના પણ કોઈ પણ કહ્યા વિના લાપતા થયા છે.

આ અંગે કરાયેલી લેખિત ફરિયાદમાં ગુમ થયેલા કોંગ્રેસી ઉમેદવારને શોધી આપવા જૂઆત કરી છે. લેખિત રજૂઆત કરવામાં આવતા હરકતમાં આવેલા પોલીસ તંત્રએ મોડી સાંજે વિસ્તારના સીસીટીવી કેમેરાની ચકાસણી કરવાની શરૂઆત કરી છે.

**આશરે 1000 એકરમાં બનનારા અને હજારોને રોજગારી મળે તેવા**

# જંબુસરમાં દેશનો પ્રથમ ડ્રગ પાર્ક માટે પાણીની લાઇન નાખવાનું શરૂ

**સાંસદ** ગોવિંદ ધોળકીયાના પ્રશ્ન પર રાજ્યસભામાં જવાબ, માર્ચ 2027 સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ થવાની શક્યતા

સુરતઃ દક્ષિણ ગુજરાતના ભરૂચ જિલ્લામાં દેશનો પ્રથમ બલ્ક ડ્રગ પાર્ક ઝડપથી આકાર લઈ રહ્યો છે.

રાજ્યસભામાં સાંસદ ગોવિંદ ધોળકીયાના કામની પ્રગતિ અંગેના પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે, 'પ્રોજેક્ટ માટેની વિવિધ આધારભૂત સુવિધાઓનું કામ શરૂ થઈ ગયું છે અને હવે નર્મદા નહેરમાંથી પાણી લાવવા માટે 40 કિમી લાંબી પાઇપલાઇન નાખવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.'

ભરૂચ જિલ્લાના જંબુસર નજીક આશરે 1000 એકર વિસ્તારમાં વિકસાવાતો આ પાર્ક ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ગુજરાતને વૈશ્વિક હબ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર-2022માં શિલાન્યાસ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ રાજ્યસભામાં રજૂ કરેલી વિગતો મુજબ, પ્રોજેક્ટને ફેબ્રુઆરી 2024માં પર્યાવરણીય મંજૂરી મળી ચૂકી છે. રસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠા, વેસ્ટ મેનેજમેન્ટ સહિતની કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટેના મોટા ભાગના સિવિલ ટેન્ડરો ફાળવાઇ ચૂક્યા છે અને કામ પૂર્ણતાની નજીક છે.

કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) અને સોલ્વેન્ટ રિકવરી સુવિધાની કામગીરી શરૂ થઈ ગઈ છે.

બલ્ક ડ્રગ પાર્ક માટે 4 કિમી લાંબી કનેક્ટિવિટી રોડનું નિર્માણ પૂર્ણ થયું છે, જ્યારે પાર્કિંગ માટેની ટેન્ડર પ્રક્રિયા નવેમ્બર 2025માં પૂર્ણ થઈ છે. સ્ટીમ જનરેશન માટેની પ્રક્રિયા હાલ મૂલ્યાંકન હેઠળ છે. નોંધનીય છે કે 2021-22 દરમિયાન ભારતની ફાર્મા આયાતમાં બલ્ક ડ્રગ્સનો હિસ્સો આશરે 60 ટકા હતો. માર્ચ 2027 સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ થવાની શક્યતા છે. પાર્ક કાર્યરત બન્યા બાદ હજારો લોકોને સીધી અને પરોક્ષ રોજગારી મળશે તેમજ ગુજરાત ફાર્મા ક્ષેત્રે વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનશે.

# બેવડી ઋતુ, એક તરફ તાપમાન 42 ડિગ્રી, બીજી તરફ વરસાદની આગાહી

**રાજકોટ**-અમરેલીમાં તાપમાન સૌથી વધુ 42 ડિગ્રી, જ્યારે ઉ.ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડે તેવી સંભાવના

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળો આકરો બની રહ્યો છે, ત્યાં જ બીજી તરફ હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરીને ચિંતા વધારી છે.

રાજ્યના મુખ્ય શહેરોમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, જેમાં રાજકોટ અને અમરેલીમાં સૌથી વધુ 42 ડિગ્રી તાપમાન નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભુજ, સુરેન્દ્રનગર, કેશોદ અને કંડલા એરપોર્ટ પર પારો 41 ડિગ્રી સુધી પહોંચ્યો છે, જ્યારે ડીસા અને વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી તાપમાન રહ્યું છે. સુરત, ભાવનગર, નલિયા, પોરબંદર અને કંડલા પોર્ટ પર ગરમીનો પારો 37 થી 39 ડિગ્રીની વચ્ચે નોંધાયો છે, જ્યારે દમણ અને મહુવામાં તાપમાન 34 થી 36 ડિગ્રીની વચ્ચે રહ્યું હતું.

### આ જિલ્લાઓમાં પડશે વરસાદી ઝાપટા

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં વાતાવરણમાં પલટો આવશે અને ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે. જેમાં તા.19 થી 20 એપ્રિલ દરમિયાન ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહીસાગર તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે તા.20 થી 21 એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલ, મહીસાગર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહી શકે છે.

### 7 દિવસ તાપમાનમાં કોઇ મોટો ફેરફાર નહીં

હવામાન વૈજ્ઞાનિકોના મતે, દક્ષિણ-પૂર્વ પાકિસ્તાન અને રાજસ્થાન પર સર્જાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન હજુ સક્રિય છે. જેના કારણે આગામી 7 દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. દરિયાકાંઠાના વિસ્તારોમાં 14 થી 18 એપ્રિલ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાને કારણે લોકોએ ભારે બફારા અને અકળામણનો સામનો કરવો પડશે. સૌરાષ્ટ્ર અને ગુજરાત રીજનમાં તાપમાન સામાન્ય કરતા ઘણું ઊંચું રહ્યું છે. એક તરફ હીટવેવ જેવી સ્થિતિ અને બીજી તરફ વરસાદી આફતને કારણે ખેડૂતો અને સ્થાનિક લોકોને સાવચેત રહેવા જણાવાયું છે.

# અમદાવાદના ચર્ચિત ઢોસાકાંડમાં હજુ પણ મોતનું રહસ્ય અકબંધ

**માતાની** સઘન પૂછપરછ, ડોક્ટરી ફાઇલ સિવિલ હોસ્પિટલમાં મોકલાશે

**ઘનશ્યામ** ડેરીના બે કર્મીની પૂછપરછ કરવામાં આવી

અમદાવાદઃ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ખીરામાંથી બનાવેલા ઢોસા ખાવાથી એક જ પરિવારની બે બાળકીના શંકાસ્પદ મોતના કેસમાં પોલીસે તપાસ ચાલી રહી છે. પોલીસએ બાળકીઓના પિતા બાદ હવે માતા ભાવનાની પણ વિગતવાર પૂછપરછ કરવામાં આવી છે. માતા-પિતાએ એકસરખું નિવેદન આપ્યું છે કે ખીરામાંથી બનાવેલા ઢોંસા ખાધા બાદ પરિવારની તબિયત બગડી હતી. વધુ તપાસ માટે પોલસે જ્યાંથી ખીરૂ ખરીદવામાં આવ્યું હતું તે ઘનશ્યામ ડેરીના બે કર્મચારીઓની પણ પુછપરછ કરી વિગતો મેળવી છે. આ ઉપરાંત પોલીસે ડેરીમાંથી અન્ય લોકોએ પણ ખીરૂ ખરીદ્યું હતુ, તેવા લોકોને પણ પુછપરછ શરૂ કરી છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.કે. મકવાણાના જણાવ્યા મુજબ, "હાલ તપાસ ચાલુ છે. પોલીસ તમામ સંભવિત પાસઓ પરથી તપાસ કરી રહી છે. આ ઘટનાને લઈ જોકે હજુ સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યા નથી. તમામ રિપોર્ટ આવ્યા બાદ જ હકીકત સ્પષ્ટ થશે." પોલીસે બાળકીના મૃત્યુ પહેલા અને પછી આપવામાં આવેલી સારવાર સંબંધિત તમામ ડોક્ટરી ફાઈલ અને રિપોર્ટ મંગાવ્યા છે. આ તમામ દસ્તાવેજોને હવે સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવશે. સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાત ડોક્ટરોની પેનલ દ્વારા તમામ રિપોર્ટની સમીક્ષા કરવામાં આવશે. સારવાર દરમિયાન કોઈ બેદરકારી કે ભૂલ થઈ હતી કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે.

# ભાજપ-તંત્રએ કોંગ્રેસના ઉમેદવારોને તોડવા રૂ. 25 લાખ આપ્યા?: કોંગ્રેસ

**કોંગ્રેસ** પ્રતિનિધિ મંડળ મુખ્ય ચૂંટણી સચિવને મળી સત્તાવાર ફરિયાદ કરી

અમદાવાદઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થવા બાદ રાજકીય માહોલ ગરમાયો છે. તેવામાં અમદાવાદમં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ અને સરકારી તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા છે કે પોલીસ અને પ્રશાસન નિષ્પક્ષ રીતે કામ કરવાની જગ્યાએ ભાજપના પક્ષમાં ઝુકાવ દાખવી રહ્યા છે. પોલીસ અને ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવતા અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે DGP અને ચૂંટણી પંચને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી, જે તંત્રની નિષ્પક્ષતા પર પ્રશ્નચિહ્ન ઉભું કરે છે.

પ્રદેશ કોગ્રેસના પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં કોગ્રેસનું પ્રતિનિધિ મંડળ આજે ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી આયોગના મુખ્ય ચૂંટણી સચિવને મળી સત્તાવાર ફરિયાદ નોંધાવીને તથા મજબૂત પુરાવાઓ સાથે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. કોંગ્રેસ પક્ષ આ મુદ્દે અંત સુધી લડત આપશે અને જરૂર પડે તો ન્યાયાલયનો દરવાજો ખખડાવશે. અમિત ચાવડાએ કહ્યું હતુ કે કેટલાક સરકારી કર્મચારીઓ ખુલ્લેઆમ ભાજપને મદદ કરી રહ્યા છે, જે લોકશાહી માટે ચિંતાજનક બાબત છે. તેમણે દાવો કર્યો કે કોંગ્રેસના ઉમેદવારોને તોડવા માટે 25 લાખ રૂપિયા સુધીની લાલચ આપવામાં આવી રહી છે. કોંગ્રેસના ઉમેદવારો પર પોલીસ દબાણ બનાવી રહી છે. તેમને ડરાવી-ધમકાવીને ઉમેદવારી ફોર્મ પરત ખેંચાવવા માટે પ્રયાસો થઈ રહ્યા હોવાનું આ પ્રકારની રાજનીતિ લોકશાહી મૂલ્યોને ખંડિત કરે છે.

**શેરડી કાપણી-વાહતુક માટે કોઇ જામીનગીરી કરાર વિના**

# કાંઠા સુગરને ખેડત મંડળ સરસ પાસેથી લેવાના કરોડોની તપાસ કરવા માંગ

**બિનકાયદેસર** એડવાન્સથી 26.66 કરોડથી વધુ લેણાં બાકી જવાબદાર સામે કાર્યવાહી માટે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને સહકાર મંત્રીને રજૂઆત

### કાંઠા સુગરનાં કૌભાંડીઓ સામે 3 મુદ્દાની કાર્યવાહી કરવા દર્શન નાયકની મુખ્યમંત્રી પાસે માંગ

- » સમગ્ર મામલે CID અથવા વિશેષ તપાસ ટીમ દ્વારા ઉચ્ચસ્તરીય તપાસ
- » બાકી રહેલી 26.66 કરોડ રૂપિયાની તાત્કાલિક વસૂલાત
- » જવાબદાર અધિકારીઓ અને ઝોન સમિતિ સભ્યો સામે કાયદેસરની કાર્યવાહી, ભવિષ્યમાં આવી ગેરરીતિ ન થાય તે માટે કડક નિયમો અમલમાં મૂકવા

સુરતઃ ઓલપાડના શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ લિમિટેડ, સરસ (તા. ઓલપાડ) માં ગંભીર આર્થિક ગેરરીતિઓ અને બેદરકારીનો મોટો કિસ્સો સામે આવ્યો છે.

મંડળીના સભાસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન એ. નાયકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીને કરેલી લેખિત રજૂઆત અનુસાર, વર્ષોથી શેરડી કાપણી અને વાહતુક માટે "શ્રી કાંઠા વિભાગ ખેડૂત મંડળ સરસ"ને કોઈ લેખિત કરાર કે જામીનગીરી વગર જ મોટી રકમની એડવાન્સ આપવામાં આવી હતી. મંડળીના રેકોર્ડ મુજબ તા. 31 માર્ચ 2023 સુધી ખેડૂત મંડળ પાસે 19.62 કરોડ રૂપિયા લેવાના હતા, છતાં તે જ સીઝનમાં વધુ 20.32 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. આ સામે માત્ર 6.13 કરોડ રૂપિયા જ પરત મળ્યા હતા. પરિણામે તા. 31 માર્ચ 2024 સુધી કુલ બાકી લેણાં 34.39 કરોડ સુધી પહોંચ્યા છે. ખેડૂતોના ખાતામાંથી વાહતુક ખર્ચ તરીકે 7.73 કરોડ વસૂલ કર્યા બાદ પણ 26.66 કરોડ રૂપિયા બાકી રહે છે.

આ મામલે વધુ ગંભીર બાબત એ છે કે એક જ દિવસે અનેક વખત નાણાંની માંગણી થતાં મંડળીને ચૂકવણીઓ કરવામાં આવી હતી.

# જાંબુવા હાઈવે પર અકસ્માતમાં અંકલેશ્વરના યુવકનું મોત નીપજ્યું

**અમદાવાદથી** પરત ફરતા પરિવારની બાઈક કાર સાથે ભટકાઈ, પત્ની અને માસૂમ પુત્રની હાલત નાજુક



અંકલેશ્વર : વડોદરા શહેરમાંથી પસાર થતા મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં અંકલેશ્વર રહેતા પરિવારના મોભીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેમના પત્ની અને પુત્ર હાલ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝઝૂમી રહ્યા છે.

મૂળ ઝારખંડના વતની અને હાલ અંકલેશ્વરમાં રહેતા ૩૮ વર્ષીય મકસૂદ આલમ અન્સારી પોતાના પરિવાર સાથે અમદાવાદથી ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન વડોદરાના જાંબુવા માર્ગ પર જેટકો કંપની નજીક હાઈવે ક્રોસ કરી રહેલી એક કાર સાથે તેમની મોટરસાયકલ ધડાકાભેર ભટકાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મકસૂદભાઈનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું.

દુર્ઘટનામાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા નસીમા બાનુ (ઉં.33) અને પુત્ર અનીશ (ઉં.૧૧) ને તાત્કાલિક ૧૦૮ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૧ વર્ષીય બાળકની હાલત અત્યંત નાજુક છે. અકસ્માતને પગલે રોષે ભરાયેલા સ્થાનિકોએ હાઈવે પર ચક્કાજામ સર્જ્યો હતો. બનાવની જાણ થતા જ કપુરાઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ટ્રાફિક હળવો કરી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. હાલ પોલીસે CCTV ફૂટેજના આધારે ફરાર કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની તપાસ શરૂ કરી છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### અભ્યાસના ટેન્શનમાં...

આપઘાત કરી લીધો હતો. ઘટનાને પગલે ચોકબજાર પોલીસ સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં શર્મિલએ અભ્યાસના તણાવમાં આવી અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું તેમજ તે અભ્યાસ સાથે સાથે કામની શોધમાં પણ હતો. પરંતુ તેને યોગ્ય કામ પણ મળતું ન હતું.

### ઉમરગામના...

છે. ઉમરગામના મામલતદાર ચૂંટણી અધિકારી ડી. સી. બ્રાહ્મણકાચ્છે ઉમરગામ રેલવે સ્ટેશને ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમરગામ તાલુકાના મામલતદાર દલપતભાઈ છોટુભાઈ બ્રાહ્મણકાચ્છ (ઉં. 57 હાલ રહે વલસાડ અબ્રામા મૂળ રહેવાસી ધરમપુર) રિટર્નિંગ ઓફિસર ચૂંટણી અધિકારી તરીકે ફરજમાં હતા. તેઓએ સોમવારે રાત્રે આશરે પોણા બારેક વાગ્યાના સુમારે ઉમરગામ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર એકના ટ્રેક પર ઉમરગામથી વાપી તરફ પસાર થતી ટ્રેનમાં કોઈક કારણસર પડતુ મૂકી આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવની જાણ થતા જ ઉમરગામ પોલીસ તથા વાપી રેલવે પોલીસ ઉમરગામ પોલીસ સ્ટેશનના પીઆઇ, પીએસઆઇ, પોલીસ સ્ટાફ, ઉમરગામ મામલતદાર કચેરીનો સ્ટાફ, જિલ્લાના ઉચ્ચ અધિકારી કલેક્ટર, પ્રાંત અધિકારી, ડીવાયએસપી વિગેરે ઉમરગામ રેલવે સ્ટેશને દોડી આવ્યા હતા. આ ઘટનાને લઈને સમગ્ર વલસાડ જિલ્લા અને ઉમરગામ તાલુકામાં દુ:ખની લાગણી પ્રસરી જવા પામી હતી. વાપી રેલવે પોલીસે ઘટના સ્થળેથી મળી આવેલ મૃતક મામલતદારનો મોબાઇલ ફોન કબજે લીધો છે. જો કે કોઈ સ્યુસાઇડ નોટ મળી છે કે કેમ તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. હાલમાં વાપી રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### રાત્રે 11...

વાપીની સેશન્સ કોર્ટે એક ગુનામાં ત્રણ વર્ષની સજા ફટકારેલી હોય આ કારણ આગળ ધરી ઉમેદવારી પત્રક રદ કરવાની માંગણી કરી હતી. જેને લઈને આ બંને ઉમેદવારો અને તેમના વકીલોએ ચૂંટણી અધિકારી મામલતદાર ડી સી બ્રાહ્મણકાચ્છ સામે ઉમેદવારી બાબતે દલીલો કરી હતી. અને આ મામલે ભારે રાજકીય ગરમાવો છવાયેલો જોવા મળ્યો હતો. આ તરફ ચૂંટણી અધિકારી દલપતભાઈએ રાત્રે 11 વાગ્યા સુધીમાં ફોર્મ રદ કરવું કે માન્ય રાખવુ તે અંગે નિર્ણય સંભળાવશે એવુ જણાવ્યું હતું.

### ચૂંટણીની કામગીરીના...

માનસિક તણાવ દબાણના કારણે તેમને આ પગલું ભર્યું હોવાની ચર્ચા છે. ઉમરગામ મામલતદાર કચેરી ખાતે દલપતભાઈ બ્રાહ્મણકાચ્છ મામલતદાર તરીકે છેલ્લા પંદરેક મહિનાથી ફરજ બજાવતા હતા. તેઓ ખૂબ જ સારા અધિકારી તરીકે જાણીતા હતા.

### સુરતમાં બપોરે...

છે. જે તમામ બપોરે એક વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એટલે કે આ કાળઝાળ ગરમીમાં વાહનચાલકે કોઈ પણ સિગ્નલ પર એક સેકન્ડ પણ ઊભા નહીં રહેવું પડે. સાંજે ચાર વાગ્યા પછી તમામ સિગ્નલો રાબેતા મુજબ કાર્યરત કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે બપોરના સમયે સામાન્ય સંજોગોમાં ઓછા વાહનચાલકો પસાર થાય છે. આમ છતાં એક સરેરાશ મુજબ આ સમયગાળા દરમિયાન આખા શહેરમાં મળી કુલ હજારોની સંખ્યામાં વાહનો સિગ્નલ પરથી પસાર થાય છે. આ વાતને કેન્દ્રમાં રાખી લોકોને ગરમીમાંથી રાહત આપવા માટે આ નિર્ણય પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા લેવામાં આવ્યો છે. પોલીસના આ માનવતાવાદી અભિગમથી લોકોને કાળઝાળ ગરમીમાંથી થોડી રાહત મળશે.

### એક્સપ્રેસ વે...

હાઈ-સ્પીડ ટ્રાફિકમાં કોઈ અડચણ ન આવે. દેશના આધુનિક માર્ગ નેટવર્કના વિકાસમાં આ સ્ટ્રેચનું શરૂ થવું એક મહત્વનું સીમાચિહ્ન માનવામાં આવી રહ્યું છે. ટ્રાયલ રન દરમિયાન વાહનચાલકોના પ્રતિસાદ અને ટેકનિકલ પાસાઓની ચકાસણી કર્યા બાદ ટૂંક સમયમાં જ આ માર્ગ સામાન્ય લોકો માટે સત્તાવાર રીતે સમર્પિત કરવામાં આવશે.

### 5 વર્ષમાં...

આવ્યાનો દાવો સુરત મહાપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યો છે પરંતુ જોવા જેવી વાત એ છે કે, આ બણગાંની વચ્ચે સુરતમાં રખડતા કૂતરાંઓની સંખ્યા ઘટવાને બદલે વધતી જ રહી છે. રખડતા કૂતરાંને પકડવા અને તેના રસીકરણ-ખસીકરણ માટે પાંચ કરોડથી વધુની રકમનું આંધણ કરવામાં આવ્યું છે પરંતુ જે રીતે કૂતરાંની સંખ્યા વધે છે તે બતાવી રહ્યું છે કે, ખસીકરણની એજન્સી અને સુરત મનપાના અધિકારીઓની એવી મિલીભગત છે કે ભ્રષ્ટાચાર જ થાય છે અને કૂતરાં ઘટતાં જ નથી. રખડતા કૂતરાંઓ દ્વારા બાળકો પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દેવાની કે પછી તેને બચકાંઓ ભરી લેવાની અનેક ઘટનાઓ બની છે પરંતુ મનપાના ચૂંટાયેલા 120 કોર્પોરેટરો જાણે 'શોભાના પૂતળાં' જ બન્યા રહ્યા છે. ભાગ્યે જ કોઈ કોર્પોરેટરો આ મામલે પ્રશ્ન ઉઠાવ્યો હોય. ગેરકાયદે બાંધકામ કે પછી અન્ય મુદ્દા કે જેમાં 'મલાઈ' મળતી હોય તેમાં તુરંત જ કૂદી પડતાં આ 'શહેરીબાવા'ઓ રખડતા કૂતરાંના મામલે મૌન છે. થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટે પણ ચોખ્ખું કહી દીધું છે કે રખડતાં કૂતરાંને પકડવાની જવાબદારી જે તે મહાપાલિકાની છે અને પકડ્યા બાદ તેને આશ્રયસ્થાનમાં લઈ જવાના છે પરંતુ આ આદેશો પછી પણ સુરતમાં કશું થયું નથી. ઉલ્ટું રખડતા કૂતરાં કેટલા?તે ગણવાનો ધંધો જ કર્યો છે. હાલમાં ચૂંટણી છે ત્યારે શહેરીજનોએ પોતાને ત્યાં વોટ માંગવા માટે આવતા ઉમેદવારોને પુછવું જોઈએ કે, તમે શું કર્યું? અને તમે શું કરશો?

### મતદારો નેતાઓને...

રસીકરણ-ખસીકરણ કરાયા પછી શા માટે તેનો ટેગ તેને બાંધવામાં આવતો નથી?

- ■ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે તો રખડતા કૂતરાંઓને પકડીને તેના આશ્રય સ્થાનમાં શા માટે લઈ જવામાં આવતા નથી?
- ■ શું અધિકારી અને એજન્સીના માણસો એકના એક કૂતરાંને જ ચોપડે બતાવીને રસીકરણ-ખસીકરણના આંકડા વધારી રહ્યા છે?
- ■ દર મહિને સરેરાશ એક હજારથી પણ વધુને રખડતા કૂતરાં કરડે છે તો તેના માટે જવાબદાર કોણ?

### 'વૂપ'ના માલિક...

હતા. વેસુ કેનાલ રોડ વિસ્તારના શ્યામસંગિની ખાતે રહેતા ૭૨ વર્ષીય સદાનંદ હરિદાસ મંધ્યાન બેંગ્લોરમાં કામધેનુ ન્યુટ્રીશન પ્રા.લિ. નામની એનિમલ ફીડ મેન્યુફેક્ચરિંગ કંપની ચલાવે છે. વર્ષ ૨૦૧૬ દરમિયાન તેમની પત્ની કવિતાબેનની ઓળખાણ વેસુમાં રહેતી નિશા મહિન્દુ સાથે થતાં બંને પરિવાર વચ્ચે સ્નેહસભર સંબંધો બન્યા હતા. જુલાઈ ૨૦૨૪ દરમિયાન નિશા રાજેશ મહિન્દુ અને તેનો દીકરો રજત મહિન્દુ સદાનંદના ઘરે જઈ તેમને ડુમસ રોડ પર ગેમઝોન અને બેંગ્લોરમાં શરૂ થનારા નવા પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે પ્રેરિત કર્યા હતા. તેઓએ કંપનીમાં ૨૫ ટકા ઈક્વિટી શેર આપવાની લાલચ આપી પહેલા શેર માટે રકમ અને બાદમાં અનસિક્યોર્ડ લોન તરીકે પૈસા માંગ્યા હતા.

### ખોટા શેર...

સર્ટિફિકેટ આપી સાચી માહિતી આપવાનું ટાળ્યું હતું. પૂછપરછ કરવા છતાં ખર્ચનો હિસાબ ન આપતા અને શેરહોલ્ડર તરીકે માન્યતા ન આપતા છેતરપિંડીનો ભાંડાફોડ થયો હતો. આ અંગે કામધેનુ કંપનીના માલિકે સુરત શહેર પોલીસની આર્થિક ગુના નિવારણ શાખામાં અરજી આપી હતી. જેની તપાસના અંતે છેતરપિંડી કર્યાનું સ્પષ્ટ થતાં વૂપ એમ્યુઝમેન્ટ પ્રા.લિ. (ગેમઝોન)ના માલિક નિશા અને રજત રાજેશ મહિન્દુ સામે વેસુ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. છેતરપિંડી કરનારા નિશા અને રજત પોલીસના રડારમાં જ છે. ટૂંક સમયમાં બન્નેની ધરપકડ થઈ શકે છે.

**રેલવેએ ડીપીઆરને પણ અંતિમ સ્વરૂપ આપ્યું છતાં સમસ્યા**

# અકસ્માતો ઘટાડવા હજીરાના બંદરોને રેલ કનેક્ટિવિટી આપો

**હજીરા** ઔદ્યોગિક વિસ્તારના બંદરોને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (DFC) અને વેસ્ટર્ન રેલવે લાઇન સાથે જોડતી રેલવે લાઇનનું કામ તાત્કાલિક શરૂ કરવા રજૂઆત

સુરત : બ્રેકિશ વોટર રિસર્ચ સેન્ટર, સુરતના પ્રમુખ એમ.એસ.એચ. શેખે વડાપ્રધાન, કેન્દ્રીય શિપિંગ, રેલવે અને માર્ગ-પરિવહન મંત્રાલય સહિત ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓને ઈમેલ મારફતે રજૂઆત કરી હજીરા ઔદ્યોગિક વિસ્તારના બંદરોને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (DFC) અને વેસ્ટર્ન રેલ્વે લાઈન સાથે જોડતી રેલવે લાઈનનું કામ તાત્કાલિક શરૂ કરવાની માંગ ઉઠાવી છે.

શેખે જણાવ્યું કે હજીરા વિસ્તાર માટે રેલ્વે કનેક્ટિવિટી લાંબા સમયથી જરૂરી છે અને અગાઉ અનેક વખત આ મુદ્દે રજૂઆતો કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષથી કોઈ સ્પષ્ટ કારણ વગર કામ અટકેલું છે. રેલ્વે સત્તાવાળાઓ દ્વારા ડીપીઆરને પણ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હોવા છતાં પ્રોજેક્ટ આગળ વધતો નથી.

હાલમાં હજીરા વિસ્તાર માટે માત્ર એક જ રેલ્વે લાઈન ઉપલબ્ધ છે, જે બંદરોને સીધી રીતે જોડતી નથી અને ક્ષમતામાં પણ અપૂરતી છે. કવાસ ખાતે યાર્ડની મર્યાદિત સુવિધાઓને કારણે રેલવેનો સંપૂર્ણ ઉપયોગ થઈ શકતો નથી. પરિણામે હજીરા વિસ્તારનો મોટાભાગનો કાર્ગો માર્ગ પરિવહન દ્વારા જ ખસેડવામાં આવે છે. હાલ હજીરા વિસ્તારમાંથી નેશનલ હાઈવે મારફતે દર વર્ષે 250 MMTPAથી વધુ કાર્ગો પરિવહન થાય છે, જેના કારણે સુરત શહેરમાં ટ્રાફિકનું ભારણ વધી રહ્યું છે. માર્ગ અકસ્માતોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.